


# એન્થ્રોપિક: હવામાં ઊભો કરેલો ડિજિટલ ફુગ્ગો!

**જે કંપની પાસે નફો નથી, જેની ટેકનોલોજી રોજ બદલાઈ જાય છે, એનું 2 ટ્રિલિયન ડૉલરનું મૂલ્યાંકન એ આજની સૌથી મોટી જાળ, જેમાં આખું શેરબજાર લપેટાઈ જશે!**

## વિકલ્પ

★ દીપક આશર

ડિજિટલ દુનિયાના બજારમાં આજકાલ એક નવું નાટક અને તાયફો શરૂ થયો છે - 'એન્થ્રોપિક'નો IPO અને એનું 2 ટ્રિલિયન ડૉલરનું ફુગાવેલું મૂલ્યાંકન! જેવી કોઈ ટેકનોલોજી કંપની AIનો મોહરો પહેરીને માર્કેટમાં આવે, એટલે શેરબજારના અંધડિયા સાહુકારો અને ટેકના ઘેલાઓ એવી રીતે કૂદી પડે છે જાણે આખી દુનિયાની ગરીબી અને તમામ રોગો આ એક જ કંપની મટાડી દેવાની હોય! પણ હાલમાં જ એન્થ્રોપિકના નાણાકીય આંકડા, ખોટના હિસાબો અને એની સામે ઉભા થયેલા જોખમો અંગે જે બાબતો સામે આવી છે, એણે આ IPOની અંધાધૂંધ દોડના ધજાગરા ઉડાડી દીધા છે. 'નૈતિકતા' અને 'સેફ AI'ના મોટા મોટા ઓથાં હાંકતી આ કંપનીઓ ખરેખર તો રોકાણકારોના અબજો ડૉલર હવામાં ઉડાડીને પોતે તાગડધિન્ના કરવા નીકળી છે!

સુરક્ષા અને માનવતાના કલ્યાણના બોર્ડ હાથમાં લઈને બજારમાં ઉતરેલી આ કંપનીઓની આંતરિક સ્થિતિ અને આંકડા જુઓ તો ખબર પડે કે ખોટનો આંકડો અબજોમાં પહોંચ્યો છે, પણ મૂલ્યાંકનની વાતો એવી હાંકવામાં આવે છે કે સામાન્ય માણસનું તો મગજ જ ફાટી જાય! આ કાઈ નાનીસૂની વાત નથી, આ તો હાથે કરીને અર્થતંત્રમાં એક મોટો ફુગ્ગો ફુલાવીને આખી દુનિયાને મોટું નુકસાન પહોંચાડવા જેવી ઘેલછા છે!

એન્થ્રોપિક અને એના સ્થાપકો જ્યારે Open AIમાંથી બહાર નીકળ્યા ત્યારે દુનિયાભરમાં એવો ઢંઢોરો પીટ્યો હતો કે - અમે તો સુરક્ષિત અને માનવતાવાદી AI બનાવીશું. પણ એમના આર્થિક લેખાજોખા જોતાં ચિત્ર કંઈક અલગ જ છે. પોતાની કંપનીના નાણાકીય ઠેકાણા નથી, દર વર્ષે અબજો ડૉલરની કમાણી સામે બમણો-ત્રણગણો ખર્ચો કરીને નાણાંનો ધુમાડો કરી રહ્યા છે ને ચાલી નીકળ્યા છે 2 ટ્રિલિયન ડૉલરનું મૂલ્યાંકન માગવા!

આ ટેક-કંપનીઓ શું કરે છે? રોકાણકારો પાસેથી અબજો ડૉલરનું ફંડિંગ લેવાનું, એ પૈસાથી મસમોટા કમ્પ્યુટિંગ પાવર અને ડેટા સેન્ટર્સ ભાડે રાખવાના અને પછી એનું મોડેલ ટ્રેઈન કરીને દુનિયા સામે એવો આભાસ ઊભો કરવાનો કે એમની પાસે અદ્ભુત જાદુઈ છડી આવી ગઈ છે. પણ જ્યારે કમાણીનો અને ચોખ્ખા નફાનો હિસાબ માગવામાં આવે, ત્યારે સાવ 'મીંડું' સાબિત થાય છે!

આજકાલ સિલિકોન વેલીથી લઈને ગ્લોબલ શેરબજારમાં એક જ ભૂત સવાર થયું છે, બસ, AIના નામે IPO લાવો અને પેઢીઓ સુધીની સંપત્તિ ઉલેચી લો! એન્થ્રોપિકનું ક્લોડ મોડેલ ગમે તેટલું વખણાતું હોય, પણ ધંધાકીય દ્રષ્ટિએ આ કંપની હજુ સુધી પોતાની પગભર થવાની ક્ષમતા સાબિત કરી શકી નથી.

જે અહેવાલો બહાર આવ્યા છે એ મુજબ, કંપનીનું વેચાણ અને આવક ભલે કાગળ પર વધતી દેખાતી હોય, પણ એની સામે કમ્પ્યુટિંગ ખર્ચ, AI ચિપ્સના ખર્ચા અને સંશોધનના નામે થતાં ખર્ચા એટલા રાક્ષસી છે કે દર ત્રિમાસિક ગાળામાં કરોડો-અબજો ડૉલરનું ગાબડું પડે છે. કોઈપણ ધંધો ત્યારે જ ટકી શકે જ્યારે એમાં કમાણી અને ખર્ચનો મેળ બેસે. પણ અહીં તો આખી રમત જ બીજાના પૈસે જલસા કરવાની છે. કંપનીઓને નફો નથી બનાવવો, એમને તો બસ સ્ટોક માર્કેટમાં IPO લાવીને પોતાના શેરના ભાવ આસમાને ચડાવી દેવા છે, જેથી શરૂઆતના રોકાણકારો અને સ્થાપકો પોતાના શેર વેચીને રવાના થઈ જાય અને પાછળથી સામાન્ય રોકાણકારોના હાથમાં રોકડો કચરો રહી જાય!

'AI બબલ' અને 2 ટ્રિલિયન ડૉલરનું હવામાં ઊભું કરેલું આંકડાશાસ્ત્ર પણ સમજવા જેવું છે! આ 2 ટ્રિલિયન ડૉલરનું મૂલ્યાંકન આવ્યું ક્યાંથી? આ કોઈ વાસ્તવિક ઉત્પાદન કે સેવા પર આધારિત નથી, પણ સાવ પોકળ અપેક્ષાઓ પર ઉભો કરાયેલો કાગળનો મહેલ છે. આટલું મસમોટું મૂલ્યાંકન તો એ કંપનીઓને પણ મળતાં દાયકાઓ લાગ્યા હતા, જેમની પાસે અબજો ગ્રાહકો, મજબૂત રોકડ પ્રવાહ અને વાસ્તવિક પ્રોડક્ટ્સ હતી!

માત્ર વાતોના વડા કરીને કે ભવિષ્યમાં AI આખી દુનિયા બદલી નાખશે એવા હવાઈ દાવો કરીને મૂલ્યાંકન વધારવું એ શુદ્ધ છેતરપિંડી છે. આજે એન્થ્રોપિક પાસે જે મોડેલ છે, કાલે Open AI, ગૂગલ કે મેટા એનાથી સારું અને સસ્તું મોડેલ લાવીને ઊભું કરી દે છે. આવા સમયમાં કોઈ એક કંપની પાસે કોઈ કાયમી એકાધિકાર કે મોટ નથી. AI મોડેલ્સ એક ચોક્કસ તબક્કે પહોંચ્યા પછી એમના સુધારાનો દર ધીમો પડી રહ્યો છે. જે લિનિયર ગ્રોથની આશા રખાતી હતી, એ હવે પહાડ સાથે અથડાઈ રહી છે.



જે કંપની પાસે પોતાનો કાયમી નફો નથી, જેની ટેકનોલોજી રોજ બદલાઈ જાય છે, એનું 2 ટ્રિલિયન ડૉલરનું મૂલ્યાંકન એ આજના જમાનાનો સૌથી મોટો 'ડિજિટલ ફુગ્ગો' છે અને જ્યારે આ ફુગ્ગો ફૂટશે, ત્યારે એની જાળમાં આખું શેરબજાર લપેટાઈ જશે!

સૌથી વધારે પિત્તો તો એ વાતનો જાય છે કે જ્યારે પણ આ નાણાકીય જોખમો કે ખોટ વિશે સવાલો પૂછવામાં આવે, ત્યારે આ એન્થ્રોપિક વાળા 'સેફ AI' અને 'માનવજાતના રક્ષણ'નું બહાનું ધરી દે છે! એવું બતાવવામાં આવે છે કે - અમે તો પૈસા કમાવા માટે નહીં, પણ સુરક્ષિત AI બનાવવા માટે આટલો ખર્ચ કરી રહ્યા છીએ!

અલ્યા ભાઈ! જો તમારો ઉદ્દેશ્ય સાચે જ સુરક્ષા અને સમાજસેવા હોય, તો પછી શેરબજારમાં IPO લાવીને અબજો ડૉલર લૂંટવાની અને 2 ટ્રિલિયન ડૉલરનું મૂલ્યાંકન માગવાની ઘેલછા કેમ? પૈસા કમાવાની લાયમાં રોકાણકારોને આંધળા વિશ્વાસમાં રાખવાના અને જ્યારે વાસ્તવિકતા અને જોખમોની વાત આવે ત્યારે અમે તો બહુ નૈતિક છીએ એવું કહીને બગાસા ખાવાના! આ નીતિ સામે હવે કડકમાં કડક શબ્દોમાં પ્રહારો કરવાનો સમય આવી ગયો છે.

ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઈ ટેકનોલોજીના નામે આવી અનિયંત્રિત તેજી અને આંધળી દોડ શરૂ થાય છે, ત્યારે એનું પરિણામ બહુ કરૂણ આવે છે. 2000ની સાલનો 'ડોટ કોમ બબલ' આપણને સૌને યાદ છે. ત્યારે પણ જે કંપનીના નામ પાછળ 'ડોટ કોમ' લાગેલું હોય, એના શેરના ભાવ આસમાને પહોંચી જતા હતા, અને પછી જ્યારે વાસ્તવિકતા સામે આવી ત્યારે કરોડો લોકોના રુપિયા સ્વાહા થઈ ગયા હતા. આજે એ જ ઈતિહાસ 'AI'ના નામે પુનરાવર્તિત થઈ રહ્યો છે. એન્થ્રોપિક હોય કે બીજી કોઈ AI કંપની, જો એમના વહીવટમાં પારદર્શિતા ન હોય, નફાનો કોઈ સ્પષ્ટ રસ્તો ન હોય, અને માત્ર રોકાણકારોના પૈસા બાળીને જ ચાલવું હોય, તો આવી કંપનીઓમાં રોકાણ કરવું એટલે પોતાના હાથે કરી પોતાના પૈસા કુવામાં નાખવા બરાબર છે! એન્થ્રોપિકનો IPO અને એના આધાર વગરના ૨ ટ્રિલિયન ડૉલરના મૂલ્યાંકનની હવા હવે નીકળી જવી જોઈએ. બજારના નિયામકો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ આ બાબતે કડક વલણ અપનાવવું પડશે. જ્યાં સુધી આ AI કંપનીઓ પોતે કમાઈને નફો કરતી ન થાય, એમના ખર્ચા પર કાબૂ ન લાવે, અને માત્ર હવામાં કિલ્લા બાંધવાનું બંધ ન કરે, ત્યાં સુધી એમના IPO અને મૂલ્યાંકનને મંજૂરી આપવી એ બજાર સાથે મોટો દગો છે. સામાન્ય નાગરિકોએ અને નાના રોકાણકારોએ પણ એ સમજવાની જરૂર છે કે દરેક ચળકતી વસ્તુ સોનું નથી હોતી. AIના આ આભાસી જાદુ અને સિલિકોન વેલીના બુમરાંગથી બહાર નીકળીને, વાસ્તવિક આંકડા તપાસવા પડશે.